ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર, નાગપુર

**ICAR-Central Institute for Cotton Research, Nagpur**

An ISO 9001:2015 Certified Organization

## ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૩ દરમ્યાન કપાસની ખેતી પધ્ધતિ માટે ૨૫ મી અઠવાડિક સલાહ

| ગુજરાત | | છેલ્લા અઠવાડિયામાં પડેલ ખરેખર વરસાદ (મીમી) | | | | | આગામી અઠવાડિયા માટે સુચિત / પુર્વાનુમાન વરસાદ (મીમી) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નવેમ્બર | | | | | નવેમ્બર | | | | |
| | | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
|  | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ પડેલ વરસાદ અને પ્રમાણિત રંગ | | ૦.૧ થી ૨.૪ મીમી | | ૨.૫ થી ૧૫.૫ મીમી | | ૧૫.૬ થી ૬૪.૪ મીમી | | ૬૪.૫ થી ૧૧૫.૫ | | ૧૧૫ થી ૨૦૪.૪ મીમી | |
| પડેલ વરસાદનું વર્ગીકરણ | | ખૂબ જ ઓછો વરસાદ | | ઓછો વરસાદ | | મધ્યમ વરસાદ | | ભારે વરસાદ | | અતિ ભારે વરસાદ | |

**પાક પરિસ્થિતિ :**

સુરત ખાતે વાવણી કરેલ પાક ૧૩૩ થી ૧૩૮ દિવસનો જીંડવા વિકાસ થી પરિપકવ અવસ્થાએ છે. કેટલાંક ખેતરોમાં લીલાં તડતડીયા, મોલોમશી અને ગુલાબી ઈયળની વસ્તીએ આર્થિક ક્ષમ્ય માત્રા વટાવેલ છે. ખેતરમાં મીલીબગની વસ્તી છૂટી–છવાયી જોવા મળેલ છે. કોરીનોસ્પોરા ખૂણિયાં ટપકાંનો રોગ અને લાલ પાન થવાનો રોગ ઓછા પ્રમાણમાં અને પાનના ખૂણિયાં ટપકાંનો રોગ વધુ પ્રમાણમા નોંધાયેલ છે.

જુનાગઢ ખાતે વાવણી કરેલ પાક ૧૩૩ દિવસનો ફુલ, જીંડવા વિકાસની અને જીંડવા ખુલવાની અવસ્થાએ છે. કેટલાંક સ્થળોએ લીલાં તડતડીયાનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રા વટાવેલ છે. ફેરોમોન ટ્રેપમાં ગુલાબી ઈયળનાં ફુંદા આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ પ્રમાણમાં પકડવામાં મળેલ છે. કેટલાંક ખેતરોમાં કોરીનોસ્પોરા પાનનાં ટપકાંનો રોગ અને ગ્રે મીલ્ડયુ જોવામાં આવેલ છે જયારે ઘણાં ખેતરોમાં આંતરીક જીંડવાનો કોહવારો અથવા સડો નોંધવામાં આવેલ છે.

**સલાહ :**

સુરત ખાતે ખેડુતોને, જો ચુસીયાં પ્રકારની જીવાતો તેની આર્થિક ક્ષમ્ય માત્રા વટાવે તો ફલોનીકામીડ ૫૦ ડબલ્યુજી @ ૪ ગ્રામ અથવા ડાયનોટેફયુરાન ૨૦ એસજી @ ૩ ગ્રામ અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ @ ૩ મીલી અથવા બુપ્રોફેઝીન ૨૫ એસસી @ ૨૦ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં નાંખી છંટકાવ કરવાની સલાહ આપવામાં આવે છે. ગુલાબી ઈયળની મોજણી માટે ફેરોમોન ટ્રેપ (૫ પ્રતિ હેકટર) લગાડવા. ગુલાબી ઈયળ તેની આર્થિક ક્ષમ્ય માત્રા વટાવે (૧૦% ફળાઉ ભાગોમાં નુકશાન અથવા સતત ૩ દિવસ સુધી ૮ ફુદાં પ્રતિ ટ્રેપ પ્રતિ રાત્રિ) ત્યાં સાયપરમેથ્રીન ૧૦% ઈસી @ ૧૦–૧૫ મીલી અથવા સાયપરમેથ્રીન ૨૫% ઈસી @ ૪–૬ મીલી અથવા લેમ્ડા સાયહેલોથ્રીન ૫% ઈસી @ ૧૦ મીલી અથવા ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી @ ૧૦ મીલી અથવા ફેનોપ્રોપાથ્રીન ૧૦% ઈસી @ ૧૫–૨૦ મીલી અથવા ફેનવેલેરેટ ૨૦ ઈસી @ ૧૦ મીલી અથવા આલ્ફાસાયપરમેથ્રીન ૧૦% ઈસી @ ૬ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં નાંખી છંટકાવ કરવો. ઉગેલ પાકમાં હલ્કી જમીનમાં ઝીંકની ઉણપને ઓછી કરવા યુરીયા @ ૨% અને ઝીંક સલ્ફેટ ૨૦% @ ૦.૫% પ્રમાણે અને મેગ્નેશીયમની ઉણપ ઓછી કરવા છંટકાવ કરવું. જીંડવાનું બેસાણ સુધારવા અને ફુલોનું ખરણ અટકાવવા પોટેશિયમ નાઈટ્રેટ(૧૩:૦:૪૫) @ ૨ % એટલે કે ૨ કિલો પોટેશિયમ નાઈટ્રેટ ૧૦૦ લી. પાણીમાં ઓગાળીને છંટકાવ કરવો અથવા નેપ્થેલીક એસેટીક એસીડ ૪.૫ એસએલ @ ૪.૦ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં નાંખી છાંટવું. બીટી કપાસમાં લાલ પાન થવાની સમસ્યાનાં નિયંત્રણ માટે સંપુર્ણ ખેતરમાં ફુલોનું બેસાણ વધુ હોય ત્યારે અને જીંડવા વિકાસની અવસ્થાએ એમ બે વખત ૧૫ દિવસનાં આંતરે મેગ્નેશિયમ સલ્ફેટ @ ૧ % + યુરીયા ૧% આપવું. જીંડવાનો સડો અને ખૂણિયાં ટપકાંનો રોગ આવતો અટકાવવા માટે કોપર ઓકસીકલોરાઈડ ૫૦ ડબલ્યુપી/ ડબલ્યુજી @ ૨૫–૩૦ ગ્રામ પ્રતિ ૧૦ લી. પ્રમાણે આપી વ્યવસ્થાપન કરવું. છોડમાં જોવા મળતા કોરીનેસ્પોરા, અલ્ટરનેરીયા ફુગથી થતાં ટપકાંઓ તથા મૂળનાં કોહવારા અને અન્ય બ્લાઈટ જેવાં રોગોનાં વ્યવસ્થાપન માટે કાર્બેન્ડેઝીમ ૧૨% + મેન્કોઝેબ ૬૩% ડબલ્યુપી @ ૩૦ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી @ ૧૦ મીલી અથવા કાર્બેન્ડેઝીમ ૫૦ ડબલ્યુપી @ ૪ ગ્રામ અથવા ફ્લુક્ષાપાયરોક્ષાડ ૧૬૭ ગ્રામ/ લી. + પાયરાકલોસ્ટ્રોબીન ૩૩૩ ગ્રામ/ લી. એસસી @ ૬ મીલી અથવા એઝોક્ષાસ્ટ્રોબીન ૧૮.૨% ડબલયુ/ ડબલ્યુ +

ડાયફેનોકોનાઝોલ ૧૧.૪% ડબલ્યુ/ ડબલ્યુ એસસી @ ૧૦ મીલી અથવા ક્રેસોક્ષીમ–મીથાઈલ ૪૪.૩% એસસી @ ૧૦ મીલી અથવા મેટીરામ ૫૫% + પાયરોકલોસ્ટ્રોબીન ૫% ડબલ્યુજી @ ૨૦ ગ્રામ/ ૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાની સલાહ આપવમાં આવે છે. ખેતરમાંથી સંક્રમિત જીંડવાઓ અને પાકનાં અવશેષો ભેગા કરીને નાશ કરવો.

જુનાગઢ ખાતે ખેડુતોનેપાકમાં ગુલાબી ઈયળનાં ફુદાની મોજણી કરવા માટે એકર દિઠ ૨ ફેરોમોન ટ્રેપ લગાડવા અને પાકમાં ફુદાંની વસ્તીની નોંધણી કરવાની સલાહ આપવામાં આવે છે. ગુલાબી ઈયળ તેની આર્થિક ક્ષમ્ય માત્રા વટાવે (૧૦% ફળાઉ ભાગોમાં નુકશાન અથવા સતત ૩ દિવસ સુધી ૮ ફુદાં પ્રતિ ટ્રેપ પ્રતિ રાત્રિ) ત્યાં સાયપરમેથ્રીન ૧૦% ઈસી @ ૧૦–૧૫ મીલી અથવા સાયપરમેથ્રીન ૨૫% ઈસી @ ૪–૬ મીલી અથવા લેમ્ડા સાયહેલોથ્રીન ૫% ઈસી @ ૧૦ મીલી અથવા ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી @ ૧૦ મીલી અથવા ફેનોપ્રોપાથ્રીન ૧૦% ઈસી @ ૧૫–૨૦ મીલી અથવા ફેનવેલેરેટ ૨૦ ઈસી @ ૧૦ મીલી અથવા આલ્ફાસાયપરમેથ્રીન ૧૦% ઈસી @ ૬ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં નાંખી છંટકાવ કરવો. જીંડવાનો સડો અને ખૂણિયાં ટપકાંનો રોગ આવતો અટકાવવા માટે કોપર ઓકસીકલોરાઈડ ૫૦ ડબલ્યુપી/ ડબલ્યુજી @ ૨૫–૩૦ ગ્રામ પ્રતિ ૧૦ લી. પ્રમાણે આપી વ્યવસ્થાપન કરવું. છોડમાં જોવા મળતા કોરીનેસ્પોરા, જીંડવાનાં સડાનાં અને ફુગથી થતાં ટપકાંઓ જેવાં રોગોનાં વ્યવસ્થાપન માટે કાર્બેન્ડેઝીમ ૧૨% + મેન્કોઝેબ ૬૩% ડબલ્યુપી @ ૩૦ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી @ ૧૦ મીલી અથવા કાર્બેન્ડેઝીમ ૫૦ ડબલ્યુપી @ ૪ ગ્રામ અથવા ફલુક્ષાપાયરોક્ષાડ ૧૬૭ ગ્રામ/ લી. + પાયરાકલોસ્થ્રોબીન ૩૩૩ ગ્રામ/ લી. એસસી @ ૬ મીલી અથવા એઝોક્ષાસ્ટ્રોબીન ૧૮.૨% ડબલયુ/ ડબલ્યુ + ડાયફેનોકોનાઝોલ ૧૧.૪% ડબલ્યુ/ ડબલ્યુ એસસી @ ૧૦ મીલી અથવા મેટીરામ ૫૫% + પાયરોકલોસ્ટ્રોબીન ૫% ડબલ્યુજી @ ૨૦ ગ્રામ/ ૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાની સલાહ આપવમાં આવે છે. ગ્રે મીલ્ડયુને નિયંત્રિત કરવા એઝોક્ષાસ્ટ્રોબીન ૧૮.૨% ડબલયુ/ ડબલ્યુ + ડાયફેનોકોનાઝોલ ૧૧.૪% ડબલ્યુ/ડબલ્યુ એસસી @ ૧૦ મીલી અથવા ક્રેસોક્ષીમ મીથાઈલ ૪૪.૩ % એસસી @ ૧૦ મીલી અથવા કાર્બેન્ડેઝીમ ૧૨% + મેન્કોઝેબ ૬૩% ડબલ્યુપી @ ૩૦ ગ્રામ/ ૧૦ લી. પાણીમાં નાંખી છાંટવાની ભલામણ છે. ખેતરમાંથી સંક્રમિત જીંડવાઓ અને પાકનાં અવશેષો ભેગા કરીને નાશ કરવો.

કપાસ ઉત્પાદનની તાંત્રિકતા આધારિત વિસ્તૃત માહિતી દા.ત. જમીનની પસંદગી, જાતો/ સંકરો, ખાતર આપવાની પધ્ધતિ, વાવણીની રીત, પિયત પધ્ધતિઓ, નિંદામણ, કિટકો અને રોગોનું વ્યવસ્થાપન વિગેરેની માહિતી એન્ડ્રોઈડ આધારીત CICR Cotton App. કે જે ICAR-CICR, નાગપુર દ્વારા તૈયાર કરેલ છે. આ એપ ગુગલ પ્લે સ્ટોરમાંથી વિના મુલ્યે ડાઉનલોડ કરી શકાય છે. વધુમાં, પાક વૃધ્ધિ અવસ્થા અને હવામાન આધારિત અઠવાડિક સલાહ ICAR-CICR, નાગપુરની વેબસાઈટ ઉપર ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ છે જેનો લાભ ખેડુતો લઈ શકે છે.